**CRMA J** – 12458/2026

**લિંબાયત પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૬૯/૨૦૧૩**
**ઇ.પી.કો.૧૮૬૦ની કલમ૩૮૧,૧૨૦(બી),૪૧૩,૧૧૪ ના કામે આરોપી–**
**અશોક ઉર્ફે આઝાદ ઉર્ફે લલન સ/ઓ રાજારામ કેવટ (નિશાદ)**
**ની જામીન અરજી લગત હુકમ**

(૧) જામીન અરજી વંચાણે લીધી. વિ.વ.શ્રી તેમજ વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. રજુ કેસ પેપર્સ વંચાણે લીધા.

(૨) આરોપીના વિ.વશ્રીની મુખ્ય રજુઆત એવી છે કે આરોપી નિર્દોષ છે, તેમને આ કામે શંકાના આધારે ખોટી રીતે ફસાવી દેવામાં આવેલ છે. તેમના કુંટુબના ભરણપોષણની જવાબદારી આરોપી પર છે વધુમાં તેઓએ જણાવેલ કે આરોપીના જામીન મુકત કરવામાં આવેશે તો નામદાર અદાલત ફરમાવે તેવી તમામ શરતોનુ પાલ કરશે, તપાસમાં સહકાર આપશે તથા કાર્યવાહી દરમ્યાન અદાલતમાં નિયમિત રીતે હાજર રહેશે,જેથી દયા દાખવી જામીન આપવા ખુશી અને તૈયાર હોય આરોપીને જામીન મુકત કરવા માટે અરજ ગુજારેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે આરોપીનો વિરુધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે અને તેમની ટ્રાયલ દરમ્યાનની હાજરી મળી રહે તે માટે તેમજ તેમની સામેના ગુનાની ગંભીરતા વગેરે ધ્યાને લઇ આરોપીની જામીન અરજી નામંજુર કરવી જોઇએ.

(૪) કેસ પેપર્સ ધ્યાને લેતા આક્ષેપિત ગુનાઓમાં પ્રાથમિક દ્રષ્ટિએ આરોપી/ઓ ની સંડોવણી જણાઇ આવે છે.આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેવુ જણાઈ આવે છે. આરોપી સામે જે ગુનો નોંધવામાં આવેલ છે તેની સીધી અસર સમાજ, કાયદા અને વ્યવસ્થા ઉપર પડે છે. આરોપી પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. હાલના ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતા સદર ગુન્હો દસ વર્ષ સુધીની કેદની સજા સુધી નિર્દીષ્ટ છે. સદર ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોય તેમજ ફરીયાદ સને-૨૦૧૩ વર્ષની હોય દસ વર્ષ કરતા વધુ સમય પછી આરોપી તપાસના કામે મળેલ હોય અને ગુનાના કામે આરોપીની ભુમિકા અંગે તપાસ કાર્યાવિન્ત છે. ત્યારે ૨૦૧૩ ના ગુન્હાના કામે આ તબક્કે જામીનમુક્ત કરવાની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતું નથી. સદર ગુન્હાની પ્રકૃતિ, આરોપી સામેના આક્ષેપો, સજાની જોગવાઇઓ, કાયદા વ્યવસ્થા અને જાહેર હિત ઉપર થવાના શક્ય વિપરીત અસર અને સાથે સાથ વખતો વખતના પ્રસ્થાપિત સિધ્ધાતોને ધ્યાને રાખતા આરોપી/ઓ ને જામીન ઉપર મુકત કરવા ન્યાય ઉચિત જણાતુ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

**આરોપીની જામીન અરજી આથી "નામંજુર" કરવામાં આવે છે.**

તા.૨૬/૦૭/૨૦૨૬ ( નિરવ આર.વ્યાસ)
મુ. સુરત ૮મા અધિક સીની. સિવિલ જજ
અને એ.સી.જે.એમ. સુરત